# ગુજરાત માલી સમાજ મહામંડળના પ્રમુખ પદે સર્વ સંમતીથી પાટણના યુવા આગેવાન ભાવિક રામીની વરણી

બાયડ તા.૩

તાજેતર માં અમદાવાદ ખાતે સમસ્ત ગુજરાત માલી સમાજ મહામંડળની પ્રથમ સાધારણ સભાનું આયોજન કરવામા આવ્યું હતું તેમાં ગુજરાતના ૩૩ જિલ્લામાંથી માળી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. સમારંભના અધ્યક્ષ પદે બનાસકાંઠાના વતની, નિવૃત્ત શિક્ષક અરજણભાઈ માળીની વરણી કરવામાં આવી હતી. ગુજરાતના ૩૩ જિલ્લામાંથી પધારેલા આગેવાનો માંથી ૧૨ ટ્રસ્ટીઓની નિમણુક કરવામાં આવી હતી. આં ટ્રસ્ટીઓ દ્વારા પ્રમુખ તરીકે પાટણના વતની અને સમગ્ર ગુજરાતના માળી સમાજના યુવા ચહેરા તરીકે જેમનું નામ છે તેવાં ભાવિકભાઈ રામીની દરખાસ્ત મૂકતા હાજર સૌએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધા હતા. નવા વરાયેલા પ્રમુખ ભાવિકભાઈ રામી દ્વારા તેમનાં આયોજન મુજબ સમગ્ર ગુજરાતને પાંચ ઝોનમાં વહેંચી વિસ્તાર પ્રમાણે પ્રદેશનું ૩૩ જણનું માળખું જાહેર કર્યું હતું. સલાહકાર સમિતિની નિમણુક કરતાં સમિતિનાં અધ્યક્ષ પદે રાજકોટના બાલકૃષ્ણભાઈ મકવાણાની સર્વાનુમત્તે નિમણુક કરી હતી. ટ્રસ્ટીઓમા અને હોદ્દેદારોમાં મહિલાઓને પણ સ્થાન આપવામા આવ્યું હતું. આં સમયે નવા વરાયેલા પ્રમુખ ભાવિકભાઈ રામી દ્વારા તેમનાં નિવેદનમાં માળી સમાજમા શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવાની વાત કરતાં અખંડ ભારતના પ્રથમ



મહિલા શિક્ષિકા સાવિત્રીબાઈ ફૂલે અને મહાત્મા જ્યોતિરાવ ફૂલેને માળી સમાજના આદર્શ તરીકે યાદ કર્યા હતા. તેમને નવી પેઢીમાં શિક્ષણની સાથે સાથે સંસ્કારોનું સિંચન કરવા તેમજ સામાજીક મેળાવડાઓ થકી સમાજ લેવલે એકબીજાની વધુ નજીક આવવાની વાત કરી હતી. મહામંત્રી તરીકે વડોદરાના જશોદાબહેન ગેલોત અને ખજાનચી તરીકે અમદાવાદના પ્રતાપભાઈ કનાડાની નિમણુક થઈ હતી. ટ્રસ્ટીઓમા અમરતભાઈ માળી બનાસકાંઠા, નરસિંહભાઈ માળી બનાસકાંઠા, અતુલભાઈ માળી કચ્છ, ભાવેશભાઈ રામી ખેડા, રાજેશભાઈ ધોળકીયા સુરેન્દ્રનગર, વર્ષાબેન માળી અમદાવાદ, દિલીપભાઈ મોરી દાહોદ, ડો. વાસુદેવભાઈ રામી અરવલ્લી જશરાજભાઈ ગેહલોત સુરત, ગુલાબભાઈ માળી ભરૂચ, જયંતભાઈ ટાકોલિયા બોટાદ, પુરુષોત્તમભાઈ સિસોદિયા રાજકોટની સર્વસંમતીથી વરણી કરવામાં આવી હતી. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન કનૈયાલાલ કે. રામી મહેસાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લાની સરકારી પ્રા.શાળાઓનો ધો.૧ થી ૮નો જિલ્લાફેર બદલી કેમ્પ સંપન્ન

## ૫૫૦ શિક્ષક ભાઈ-બહેનોને વતનનો લાભ મળ્યો, જિલ્લાના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ કોર્ટ ફરિયાદ નથી

બાયડ, તા.૦૪

સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ-હિંમતનગર દ્વારા સરકારી પ્રા.શાળાઓના ધો.૧ થી ૮ નો જિલ્લાફેર બદલી કેમ્પ તાજેતરમાં યોજાઈ ગયો જેમાં સાબરકાંઠા જિલ્લાના વતની અને અન્ય જિલ્લામાં ફરજ બજાવતા ૫૫૦ શિક્ષક ભાઈ-બહેનોને દાયકાઓ પછી વતન અને પરિવાર સાથે રહેવાનો લાભ મળ્યો છે. દર વર્ષે બદલી કેમ્પ હોય ત્યારે કોર્ટ મેટર થતી હોય છે પરંતુ પ્રથમવાર જિલ્લાફેર ૧૦૦ ટકા બદલી કેમ્પમાં કોઈ કોર્ટ ફરિયાદ ન થતાં શિક્ષણ વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓએ રાહત અનુભવી છે. મળતી જાણકારી અનુસાર રાજયના અન્ય જિલ્લાઓમાં ફરજ બજાવતા પ્રા.શિક્ષકોને વતનનો લાભ મળે તે માટે છેલ્લા કેટલાય સમયથી જિલ્લાફેર બદલી કેમ્પની માંગ શિક્ષક સંગઠનો દ્વારા કરવામાં આવતી હતી. ત્યારે રાજયના પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા પ્રથમવાર ૧૦૦ ટકા જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદભાઈ ચૌધરીએ જિલ્લાફેર બદલી કેમ્પના સુચારુ આયોજન માટેની તૈયારીઓ પછી ગ્રોમોર કેમ્પસ-બેરણામાં ૨ દિવસનો જિલ્લાફેર બદલી કેમ્પ યોજાયો અને બદલી કેમ્પમાં ક્યુ.આર.કોડની આધુનિક્તા સાથે સિનિયોરીટી પ્રમાણે કયા શિક્ષકને કઈ જગા ખાલી છે તેની માહિતી સ્થળ પર મળી રહે તેની ઐતિહાસિક વ્યવસ્થા ગોઠવી હતી જેના કારણે કોઈપણ પ્રકારના વાદવિવાદ વગર શાંતિપૂર્વક ધો.૧ થી ૮ ના શિક્ષકોનો જિલ્લાફેર બદલી કેમ્પ યોજાયો જેમાં ૫૫૦ શિક્ષક ભાઈ-બહેનોને વતનનો લાભ મળતાં અનેક શિક્ષકો કેમ્પ સ્થળે ભાવુક બની ગયા હતા. જિલ્લાફેર બદલી કેમ્પના સફળ આયોજન બદલ જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ-સાબરકાંઠાના અધ્યક્ષ ગીરીશભાઈબ્રહ્મભટ્ટ, મહામંત્રી નરેશકુમાર કે. પટેલે શિક્ષણ વિભાગના અધિકારીઓની કામગીરીને બિરદાવી હતી.



# પાલનપુર નગરપાલિકા દ્વારા ચાર દુકાનોને સીલ કરી રૂ.૧.૨૪ લાખની વસુલાત કરી

## પાલનપુર શહેરમાં ૨૫ ઉપરાંતના બાકીદારોને નોટિસ

પાલનપુર તા.૪

પાલનપુર નગરપાલિકા દ્વારા મંગળવારે શહેરના ઢુંઢિયાવાડી વિસ્તારમાં આવેલ ચાર દુકાનોને સીલ કરી રૂ. ૧.૨૪ લાખની વેરા વસુલાત કરવામાં આવી હતી. તેમજ ૨૫ જેટલા બાકીદારોને નોટિસો ફટકારી વેરો ભરપાઈ કરવા તાકીદ કરવામાં આવતા અન્ય વેપારીઓમાં ફફડાટ પ્રસરી ગયો છે. પાલનપુર નગરપાલિકા દ્વારા લીજ ઉપર આપેલી દુકાનોનો વેરો સમયસર ન ભરતા વેપારીઓને પાલિકા દ્વારા વેરો ભરપાઈ કરવા નોટીસ આપી સૂચના આપવામાં આવી હતી. પરંતુ વેપારીઓ દ્વારા પાલિકાની નોટિસને અવગણી વેરો ભરપાઈ કરતા ન હતા. જેના પગલે નગરપાલિકા પ્રમુખ કિરણ બેન દેવેન્દ્ર કુમાર રાવલ ,ચીફ ઓફિસર રૂડાભાઈ રબારી અને પાલિકા ઉપપ્રમુખ હસમુખ પઢીયાર ના માર્ગદર્શન હેઠળ ટેક્સ ઈન્સ્પેક્ટર



નરેશભાઈ જોષીએ મંગળવારે સ્ટાફના મહેન્દ્રભાઈ ડામોર, સંદીપભાઈ અનાવડીયા, દશરથભાઈ ઠાકોર,પ્રવીણભાઈ ડાભી,હસનઅલી મુખી સહિતનો સ્ટાફ ઢુંઢીયાવાડી વિસ્તારમાં બાકીદારોના ત્યાં જઈ વેરો ભરપાઈ ન કરતા ચાર દુકાનોને સીલ કરવામાં આવી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,. રૂ. ૧,૨૪,૨૫૬ ની વસુલાત કરવામાં આવી હતી. આ અંગે ટેક્સ ઈન્સ્પેક્ટર નરેશભાઈ જોષી એ જણાવ્યું હતું કે, પાલનપુર શહેરમાં આવેલી ૧૧ વોર્ડમાં લીજ પર આપેલી દુકાનો પૈકી ઢુંઢીયાવાડી વિસ્તારમાં આવેલ ચાર દુકાનોએ વેરો ભરપાઈ ન કરતા ચાર દુકાન સીલ કરવામાં આવી છે. તેમજ ૨૫ જેટલી દુકાનોના વેપારીઓને વેરો ભરપાઈ કરવા નોટિસ આપવામાં આવી છે. જો સમય મર્યાદામાં વેરાની રકમ પાલિકામાં ભરવામાં નહીં આવે તો બાકીદારોની મિલકતોને સીલ મારી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિર ખાતે શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ







પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિર ખાતે પવિત્ર અધિક શ્રાવણ માસ ને લઈ ને મંદિર ખાતે ભાગવત દશમ સ્કંદ ની પાંચ દિવસીય રાત્રી પારાયણ કથાનો પ્રારંભ થયો હતો. પ્રાંતિજ ખાતે આવેલ પ્રાચીન અને પૌરાણિક સ્વામીનારાયણ મંદિર ખાતે શ્રીમદ ભાગવત દશમ સ્કંદ ની રાત્રી પારાયણ કથા નો શુભારંભ કરવામા આવ્યો હતો જેમા વ્યાસ પીઠ ઉપર બિરાજમાન કથાના વકતા શ્રી સદગુરૂ શાસ્ત્રી સૂર્ય પ્રકાશ દાસજી કથાનુ રસપાન કરાવી રહ્યા છે તો પ્રાંતિજ સહિત તાલુકાના હરિભકતો રાત્રી દરમ્યાન કથાનો લાભ લઈ રહ્યા તો પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિર ના મહંત શ્રી પ્રાણજીવન સ્વામી ના માર્ગદર્શન હેઠળ મંદિર ના પ્રમુખ કનુભાઈ પંડયા તેમજ ટ્રસ્ટી મંડળ ના સભ્યો દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ છે.

# અરવલ્લી જીલ્લા EMO ડૉ.જીજ્ઞા જયસ્વાલ અને QAMO ડૉ. કૌશલ પટેલની થરાદ બદલી

મોડાસા, તા. ૪

ગુજરાત સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યમાં તબીબી અધકારી વર્ગ-૨ માં ફરજ બજાવતા ૧૪૪ તબીબોની સામુહિક બદલી કરવામાં આવતા આરોગ્ય વિભાગમાં કહીં ખુશી કહીં ગમનો માહોલ જોવા મળ્યો હતો અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા એપેડેમિક મેડિકલ ઓફિસર અને ક્વોલેટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર ની બદલી જાહેરહિતમાં બનાસકાંઠા જીલ્લાની થરાદ સરકારી હોસ્પિટલમાં બદલી કરવામાં આવતા તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે તબીબ દંપતિની બદલી પાછળ રાજકીય પરિબળો મહત્ત્વનો રોલ ભજવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગમાં તબીબી અધિકારી તરીકે ફરજ બજાવતા દંપતિની એક સાથે રાજ્ય આરોગ્ય વિભાગે કરી દીધી છે જેમાં એપેડેમિક મેડિકલ ઓફિસર ડૉ.જીજ્ઞા.ડી.જયસ્વાલ અને ક્વોલેટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડૉ.કૌશલ પટેલની બનાસકાંઠા જીલ્લાના થરાદ તાલુકામાં આવેલી સિવિલ હોસ્પિટલ માં બદલી કરવામાં આવી હતી તબીબ અધિકારી દંપતીની બદલીના પગલે જીલ્લા આરોગ્ય વિભાગમાં હડકંપ મચ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી જયારે ભિલોડા તાલુકા આરોગ્ય અધિકારી તરીકે કિશનગઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડૉ.વિમલ ખરાડી, બાયડ તાલુકા આરોગ્ય અધિકારી તરીકે સામુહિક આરોગ્ય કેન્દ્ર આમોદરામાં ફરજ બજાવતા ડૉ.અવધેશ પ્રસાદ રઘુબીર અને ધનસુરા આરોગ્ય અધિકારી તરીકે શિકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડૉ.એન.બી. ભૂરાવાલાની કાયમી નિમણુંક કરવામાં આવી છે જીલ્લામાં ફરજ બજાવતા અન્ય બે ત્રણ તબીબોની પણ સ્વ ખર્ચે બદલી કરવામાં આવી છે.



# ચોમાસુ ઋતુમાં શાકનો રાજા ગણાતા કંકોડાની માંગમાં વધારો...

## શાકભાજીની અછતના કારણે કંકોડાના ભાવ પણ વધ્યા...

ગાંભોઈ, તા.૪

ખેત સીમાડાના વગડામાં શેઢા પાળાની વાડ-વેલીઓમાં તેમજ જંગલોની ઝાડીઓમાં થતા કંકોડાનું ફળ ચોમાસા ઋતુમાં શાકનો રાજા ગણાય છે. વર્ષાઋતુના ના ઝરમરીયા વરસાદમાં સ્વાદિષ્ટ અને ઔષધીય ગણાતા કંકોડાના ફળની બજારમાં ભારે માંગ રહેતી હોય છે. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વડાલી અને વિજયનગર પંથકના ડુંગરાળ જંગલ વિસ્તારોમાંથી સ્થાનિક વનવાસીઓ જંગલો ખૂંદી કંકોડાની વેલીઓ શોધી કંકોડા વીણી આસપાસની બજારોમાં વેચાણ માટે લાવતા હોય છે. કંકોડા એ જંગલો અને વેરાન વગડામાં થતી શાકભાજી ફળ હોવાના કારણે તેમજ કોઈ પણ રાસાયણિક દવા કે ખાતર વગર કુદરતી વાતાવરણમાં ફળનું ઉત્પાદન થતું હોવાથી શાક બજારમાં કંકોડાની માંગ સામે પુરવઠો ઓછો હોવાના કારણે કંકોડાના સ્વાદ રસિયાઓને ઊંચા ભાવે ખરીદી કરવી પડે છે. ગયા વર્ષે એક કિલોના રૂ ૧૦૦થી રૂ ૧૫૦ હતા જે ચાલુ વર્ષે હાલ ચોમાસાની ઋતુમાં કંકોડા ખરીદતા ગ્રાહકોને એક કિલોના રૂપિયા રૂ.૧૫૦ થી રૂ.૧૮૦ ચૂકવવા પડે છે. વાવડી ગામના કૃષિ નિષ્ણાત અશોકભાઈ પટેલના જણાવ્યા મુજબ આ જંગલોની ઝાડીઓ માં થતા કંકોડા નું ખેડૂતો શાકભાજી પાક તરીકે ખેતરો માં માંડવા પદ્ધતિએ વાવેતર કરે તો ચોમાસુ મોસમ ના રોકડીયા પાક તરીકે ખેડૂતો ને આર્થિક રીતે સારું વળતર મળી રહે તેમ છે .



### કંકોડા ઔષધિય ગુણો ધરાવે છે...

ગાંભોઈ ગામના આર્યુવેદિય ભીખાભાઈ પ્રજાપતિના જણાવ્યા મુજબ વર્ષાઋતુનું આ શાક ફળ કંકોડા અથવા કંટોલા તરીકે ઓળખાય છે. કંકોડાને સંસ્કૃત ભાષામાં કર્કોટક તરીકે ઉલ્લેખ થાય છે. પાણી નાખ્યા વગરનું માત્ર તેલમાં પકાવેલું કંકોડાનું શાક અત્યંત સ્વાદિષ્ટ અને ઔષધીય ગુણો ધરાવે છે. આર્યુવેદ અને પોષક તત્વોની દ્રષ્ટિએ કંકોડા ખૂબ જ ઊંચું મહત્વ ધરાવે છે .કંકોડા પચાવવામાં હલકાં, જમવામાં રુચિ ઉત્પન્ન કરાવનારા, કડવા, શીતળ અને ઉધરસ,તાવ,કફ-પિત્તના રોગને મટાડે છે. કંકોડામાં આયોડિન અને વિટામિન સી પૂરતા પ્રમાણમાં હોય છે

# પ્રાંતિજ ખાતે શહેર તાલુકા ભરવાડ સમાજ દ્વારા પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર આપી રજુઆત કરી



પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શહેર તાલુકાના ભરવાડ સમાજ દ્વારા રાત્રી દરમ્યાન થતી ધેટા-બકરાની ચોરીને લઈ ને પ્રાંતિજ પ્રાંન્ત કચેરી ખાતે જઈને આવેદનપત્ર આપી રક્ષણ આપવા માંગ કરી હતી. છેલ્લા કેટલાક દિવસથી પ્રાંતિજ તથા તાલુકા મા ધેટા-બકરા ચોરી કરતી ગેંગ સક્રિય થતા પશુચોરી ના કિસ્સાઓમા વધારો થયો છે જેને લઈ ને પશુધન ઉપર ગુજરાન ચલાવતા પ્રાંતિજ શહેર તથા તાલુકામા રહેતા ભરવાડ સમાજ દ્વારા અવરનવર રાત્રી દરમ્યાન ધેટા-બકરાની ચોરીને લઈને ભરવાડ માલધારી સમાજ દ્વારા એકઠા થઈને પ્રાંતિજ રેલ્વેસ્ટેશન ઉપર આવેલ તાલુકા સેવા સદન ખાતે આવી પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી એમ.એન. ડોડીયાને આવેદનપત્ર આપીને રજુઆત કરી હતી કે રાત્રી દરમ્યાન તેવોના વાડામા રહેલ ધેટા-બકરા કેટલાક કસાઈ અને ડફેરો દ્વારા રાત્રી ના અંધારાનો લાભ લઈ ને મારૂતિવાન, ટાટાસુમો , પીકઅપ ડાલુ લઈ આવી રાત્રી દરમ્યાન ચોરી કરી લઈ જતા આવા ચોર લોકો સામે રક્ષણ આપવાની માંગ સાથે પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી ને આવેદનપત્ર આપ્યુ હતુ અને રજુઆત કરી હતી તો આ પ્રસંગે ભરવાડ રાજુભાઈ પુનાભાઈ, ભરવાડ વીહાભાઈ બીજલભાઈ, ભરવાડ ઈન્દુભાઈ દલાભાઈ, ભરવાડ ભુરાભાઈ દલાભાઈ, ભરવાડ જીવણભાઈ લાખાભાઈ, ભરવાડ દેવશીભાઈ મોહનભાઈ, ભરવાડ લાખાભાઈ સીધાભાઈ, ભરવાડ નાગજીભાઈ ધમાભાઈ સહિત ભરવાડ સમાજ ના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપી રજુઆતો કરી હતી.

# વડા ખાતે શ્રી ઢટોસણ હનુમાન દાદાના મંદિરે પ્રથમ પગાર અર્પણ કરાયો



પાલનપુર,તા. ૪

કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરા ના વતની અને વડા ખાતે આવેલ ઢટોસણધામના પાડોશી ઠાકોર રાજેશકુમાર રમેશજી દર શનિવારે દાદાના દર્શન કરવા જતા થરા ઓગડ વિદ્યા મંદિર ખાતે ધો.૧૨ માં અભ્યાસ કરતા અને હનુમાનદાદા ઉપર ખૂબ આસ્થા ધરાવતા હતા."અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી" તેમ અડગ રહી દાદાની સેવા કરતા હતા.દાદાના આંગણે આવેલો યાચક ક્યારેય નિરાશ થતો નથી એ જ રીતે રાજેશકુમારે દાદાની ખૂબ ભાવથી ભક્તિ કરી એટલે દાદાએ એમને વડોદરા સી.ટી.પોલીસ સ્ટેશનમાં સિલેક્ટ કરી ખાખી વર્દીની ઈચ્છા પૂરી કરી એ બદલ ખુબ આનંદ સાથે એમની માનતાનો પ્રથમ માસનો પૂરો પગાર રૂ.૨૩,૭૫૦/- દાદાના ચરણોમાં અર્પણ કર્યો.આ દાન એમને સ્વેચ્છા અર્પણ કરી દાદાના કાયમ આશીર્વાદપ્રાપ્ત કર્યા હતા.ત્યારે ખાનપુરા વાસ પ્રા. શાળાના આચાર્ય શૈલેષભાઈદેવ,બ.કાં. જિલ્લા યુવા ભાજપ ઉપાધ્યક્ષ ઝેણુભા વાઘેલા,સદુભા વાઘેલા,ભવાનભાઈ ખાનપૂરા, સનાજી ઉણેચાએ હનુમાન દાદાની છબી આપી શાલ ઓઢાડી રાજેશકુમાર ઠાકોર નું સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા.

# પ્રાંતિજના સલાલ ખાતેથી ચાર શકુનિઓ ઝડપાયા

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ ઓવરબ્રીજ પાસે રહેલ ખુલ્લી જગ્યામા જુગાર રમતા ચાર શકુનિઓને પ્રાંતિજ પોલીસે રૂપિયા- ૨૮૮૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના સલાલ બાજુ પેટ્રોલીંગ માં હતી તે સમયે સલાલ ગામે જતા ખાનગી રાહે બાતમી મળી કે સલાલ ઓવરબ્રીજ પાસે આવેલ કેનાલ પાસે ખુલ્લી જગ્યામા કેટલાક લોકો ભેગા મળી પૈસા પાના વડે તીન પતીનો હારજીત નો જુગાર રમે છે તેવી હકીકત મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા તાત્કાલિક સ્થળ ઉપર જઈ તપાસ કરતા પોલીસ ને જોઈને ચારેય જણા ભાગવા જતા પ્રાંતિજ પોલીસે ચારેય ઈસમો ને ઝડપી પાડયા હતા જેમા મહેશજી કેશાજી મકવાણા , મહેશભાઈ રમેશભાઈ વાધેલા , દિલીપભાઈ મથુરભાઈ વાધેલા , સંજયભાઈ બલાભાઈ દેવીપૂજક તમામે-તમામ રહે.સલાલ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા ચારેય ઈસમોને પ્રાંતિજ પોલીસે ગંજીપાના દાવની રકમ- ૨૪૦ તથા ચારેય પાસેથી અંગ જડતી માંથી મળેલ રકમ- ૨૬૪૦ મળી કુલ - રૂપિયા ૨૮૮૦ ના મુદામાલ સાથે પકડી પાડયા હતા અને જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનોનોધી ચારેય ઈસમો સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી